પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૮ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮, બુધવાર ; ફાગણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## નીરવ મોદીનું ૧૩૨૨ કરોડનું વધુ એક કૌભાંડ

**નિરવ અને મેહુલના કૌભાંડનો આંકડો ૧૨૬૦૦ કરોડથી ઉપર : પંજાબ નેશનલ બેંકે સ્ટોક એક્સચેંજને માહિતી પુરી પાડી : સીબીઆઈ દ્વારા નિરવ અને ચોક્સીની સંપત્તિમાં હજુ ચકાસણી : ઓવરસીસ બ્રાન્ચને મળેલા નવા એલઓયુ બાદ નવો ગોટાળો સામે આવ્યો, બેંકે સ્ટોક એક્સચેન્જને નવા ફ્રોડ અંગે આપી માહિતી**



નવીદિલ્હી, તા. ૨૭

પંજાબ નેશનલ બેંકે હિરા કારોબારી નિરવ મોદીના ૧૩૨૨ કરોડ રૂપિયાના વધુ એક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પીએનબી તરફથી સોમવારના દિવસે મોડી રાત્રે સ્ટોક એક્સચેંજને નિરવ મોદી અને તેના બિઝનેસ પાર્ટનર મેહુલ ચોક્સી તરફથી ૨૦૪ મિલિયન ડોલર અથવા તો ૧૩૨૨ કરોડ રૂપિયાના વધુ એક ફ્રોડના સંદર્ભમાં માહિતી આપવામાં આવી હતી. આ રીતે હજુ સુધી નિરવ મોદી અને તેના મામા મેહુલ ચોક્સીના ફ્રોડનો આંકડો ૧૨૬૦૦ કરોડથી ઉપર પહોંચી ગયો છે. આ પહેલા પીએનબી દ્વારા નિરવ મોદી ઉપર ૧૧૩૦૦ કરોડ રૂપિયાના ફ્રોડનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. નિરવ મોદી તરફથી આ વધારાની ગેરકાયદે લેવડદેવડની કિંમત પીએનબીના વર્ષ ૨૦૧૭ના કુલ આંકડાની બરોબર છે. વર્ષ ૨૦૧૭માં જાહેર ક્ષેત્રની બીજા નંબરની બેંક પીએનબીને ૧૩૨૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો હતો. બેંકની ઓવર્સીસ શાખાને મળેલા નવા લેટર ઓફ અન્ડરટેકિંગ બાદ આ અંગેનો ખુલાસો કરવામાં આવ્યો છે. પીએનબીએ પોતાની ફાઈલિંગમાં સ્ટોક એક્સચેંજને કહ્યું છે કે, અમે આ દર્શાવવા માંગીએ છીએ કે, ગેરકાયદે કારોબારનો આંકડો ૨૦૪ મિલિયન ડોલર અથવા તો ૧૨૬૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. એક અન્ય ફાઈલિંગમાં પીએનબીએ આ બાબતને નકારી કાઢી છે કે, આ પ્રકારના ફ્રોડમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે સરકાર તરફથી પરવાનગી માંગવામાં આવી છે. પીએનબી ફ્રોડના કારણે દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ મામલામાં સીબીઆઈ, ઈડી અને આવકવેરા વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. નિરવ મોદીની હજારો કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે. તેની કિંમતી ગાડીઓ,

● અનુસંધાન પાન-૭ પર

### ફ્રોડમાં થયેલી નુકસાનની ભરપાઈની માંગણી સરકાર પાસેથી નહી : પીએનબી

પીએનબીએ પોતાના ફાઈલિંગમાં સ્ટોક એક્સચેન્જને બતાવ્યું કે, 'અમે એ જણાવવા માંગીએ છીએ કે બિનઅધિકૃત ટ્રાન્ઝેક્શનનો આંકડો ૨૦૪ મિલિયન ડોલર એટલે કે ૧૨,૬૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. અન્ય એક ફાઈલિંગમાં પીએનબીએ એ વાતનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે કે તેણે નુકસાનની ભરપાઈ કરવા માટે સરકાર પાસેથી મદદની માંગણી કરી છે.'

## રાષ્ટ્રગીતના અનાદર બદલ કાશ્મીરના અધિકારીઓને કારણદર્શક નૉટિસ

જમ્મુ,તા.૨૭

રાષ્ટ્રગીતનો અનાદર કરવા બદલ જમ્મુ-કાશ્મીર સરકારે પોતાના અધિકારી પાસે જવાબ માગ્યો હતો. આ ઘટના ૨૧મી ફેબ્રુઆરીએ ત્રણ દિવસના જમ્મુ અને કાશ્મીર લિટરરી એન્ડ કલ્ચરલ ફેસ્ટિવલના ઉદ્ઘાટન સમારંભ વખતની છે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજ્યપાલ એન.એન. વોહરા હાજર રહ્યા હતા અને એમણે આ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કર્યું હતું. મળેલી ફરિયાદ પ્રમાણે આ કાર્યક્રમ વખતે રાષ્ટ્રગીત વાગ્યું ત્યારે જમ્મુ અને કાશ્મીર એકેડેમી ઑફ આર્ટ, કલ્ચર એન્ડ લેન્ગવેજીસના સહાયક એડિટર સૈયદ ઈફ્તિખાર અહેમદ ઊભા નહોતા થયા. આ મામલે જેકેએએસીએલના સચિવ અઝીઝી હજીનીએ જણાવ્યું હતું કે આ મામલે એમણે અહેમદને કારણદર્શક નોટિસ ફટકારી છે.

## ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીને શ્રીદેવીની હત્યાની શંકા

મુંબઈ,તા. ૨૭

લોકપ્રિય અભિનેત્રી શ્રીદેવીના મોતના મામલે ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ચોંકાવનારુ નિવેદન કર્યુ છે. સ્વામીએ કહ્યુ છે કે શ્રીદેવીની હત્યા કરવામાં આવી હોવાની તેમને શંકા છે. રાજ્યસભાના સાંસદે કહ્યુ છે કે બાથટબમાં ડુબીને મરી જવાની બાબત શક્ય દેખાતી નથી. સ્વામીએ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યુ હતુ કે અભિનેત્રીઓના દાઉદની સાથે સંબંધો પર પણ અમને ધ્યાન આપવાન જરૂર છે. જો કે હજુ સુધી કોઈ દુબઈ પોલીસ દ્વારા કોઈ શંકા વ્યક્ત કરવામાં આવ નથી. અગાઉ અમરસિંહે પણ આને લઈને શંકા વ્યક્ત કરી હતી. ઓટોસ્પી રિપોર્ટમાં એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે, તેમના હોટલ રુમના બાથટબમાં એક્સીડેન્ટલ ડ્રાઉની અથવા તો આકસ્મિકરીતે ડુબવાથી તેમનું મોત થયું છે. કાર્ડિયેક એરેસ્ટના કારણે તેમનું મોત થયું નથી. આરોગ્ય મંત્રાલય યુએઈ દ્વારા આ અંગેનો ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યા બાદ તર્કવિતર્કોનો દોર

● અનુસંધાન પાન-૭ પર

## આજે મુંબઈ ખાતે શ્રીદેવીના અંતિમ સંસ્કાર



મુંબઈ,તા. ૨૭

છેલ્લા ત્રણ દિવસથી ભારે ચર્ચા જગાવનાર હાઈપ્રોફાઈલ દિવસે મોત થયા બાદથી આ મામલામાં જુદી જુદી થિયરી સપાટી ઉપર આવી રહી હતી. ત્યારબાદ બીજી થિયરી સપાટી ઉપર આવી હતી જે વધારે ચોંકાવનારી હતી જેમાં જણાવવામાં

**એક્સીડેન્ટલ ડ્રાઉનિંગથી શ્રીદેવીનું મોત : દુબઈ પબ્લિક પ્રોસીક્યુશન : શ્રીદેવીના મૃતદેહને આખરે તમામ ખાતરી કરાયા બાદ પરિવારના સભ્યોને સુપરત : આજે મોટી સંખ્યામાં સેલિબ્રીટીઓ અને ચાહકો વચ્ચે અંતિમસંસ્કાર**

શ્રીદેવી મૃત્યુ કેસને હવે દુબઈ પોલીસે ઉંડી તપાસ બાદ બંધ કરી દીધો છે. શ્રીદેવીના શનિવારના પહેલી થિયરીમાં જણાવવામાં આવ્યું હતું કે, શ્રીદેવીનું મોત કાર્ડિયેક અરેસ્ટમાં થયું છે. આવ્યું હતું કે, બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી શ્રીદેવી પોતાના

● અનુસંધાન પાન-૭ પર

## ભારત અને કોરિયાના બુદ્ધથી બોલિવૂડ સુધી સંબંધ : મોદી

**ભારત-કોરિયા વ્યાપાર સંમેલનને સંબોધતાં વડાપ્રધાન**



ન્યુ દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રાજધાની દિલ્હીમાં મળેલા ભારત-કોરિયા વ્યાપાર સંમેલનને સંબોધતા જણાવ્યું કે આ સંમેલનથી બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત બનશે. તેમણે કહ્યું કે વર્ક ફોર્સમાં અમે પહેલાથી દુનિયાનું ત્રીજુ સૌથી મોટું અર્થતંત્ર છીએ. અમે બહુ ટૂંકા સમયમાં જીડીપી આધારીત દુનિયાનું સૌથી મોટું પાંચમુ અર્થતંત્ર બની જઈશું. અમે ભારતને જૂની સંસ્કૃતિમાંથી નવા આધુનિક સમાજમાં અને ઈનફોર્મલ ઈકોનોમીમાંથી ફોર્મલ ઈકોનોમીમાં ફેરવવાના મિશન પર કામ કરી રહ્યા છીએ. આજે અમે વિશ્વમાં સૌથી ઝડપી ગતિથી વધતુ અર્થતંત્ર છીએ.

ભારત-કોરિયા બિઝનેસ સમિટમાં વડાપ્રધાન મોદીએ

● અનુસંધાન પાન-૭ પર

## મેઘાલયમાં ૬૭, નાગાલેન્ડમાં ૭૫ ટકા શાંતિપૂર્ણ મતદાન

**હિંસાની છુટીછવાઈ ઘટનાઓને બાદ કરતા એકંદર શાંતિપૂર્ણ મતદાન : મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરામાં હવે કોની સરકાર બનશે તે સંદર્ભે ત્રીજી માર્ચે ફેંસલો**

નવીદિલ્હી,તા. ૨૭

નાગાલેન્ડ અને મેઘાલયમાં વિધાનસભાની ચૂટણી માટે આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઉંચુ મતદાન થયુ હતુ. ઉંચુ મતદાન થયા બાદ હવે મતગણતરી પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. નાગાલેન્ડ અને મેઘાલયમાં એકંદરે શાંતિપૂર્ણરીતે મતદાન પૂર્ણ થયું હતું. બંને રાજ્યોમાં ઉંચા મતદાન બાદ ઉત્સુકતા વધી ગઈ છે. એકબાજુ મેઘાલયમાં ૬૭ ટકાથી વધુ મતદાન થયું છે જયારે નાગાલેન્ડમાં ૭૫ ટકાથી પણ વધુ મતદાન થયું છે. ડેપ્યુટી ઈલેક્શન કમિશનર સુદીપ જૈને કહ્યું છે કે, નાગાલેન્ડમાં ૭૫ ટકાથી ઉપર મતદાન થયું છે અને આ આંકડો હજુ પણ વધી શકે છે. નાગાલેન્ડમાં હિંસાના છુટાછવાયા બનાવ બન્યા હતા. ક્રૂડ બોંબ ઝીંકવાના બનાવમાં એકને ઈજા થઈ હતી. ગોળીબારના બનાવમાં અન્ય



એકને ઈજા થઈ હતી. બે મતદાન મથકો પર ઈવીએમને નુકસાન પહોંચાડવાના બનાવો બન્યા હતા. અગાઉ મતદાન શરૂ થયા બાદ શરૂઆતમાં જ કેટલીક જગ્યાએ બન્ને રાજ્યોમાં ઉંચુ મતદાન થયુ હતુ. કેટલીક જગ્યાએ મતદાન મથકો પર શરૂમાં જ લાંબી લાઈન જોવા મળી હતી. મેઘાલયમાં ૩૭૦ ઉમેદવારો અને નાગાલેન્ડમાં ૧૯૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## હાલના તબક્કે સિંગલ જીએસટી રેટ યોગ્ય રહેશે નહીં : જેટલી

નવીદિલ્હી,તા. ૨૭

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, જુદા જુદા વિરોધ પક્ષો અને કેટલાક નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ હાલના સમયમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) માટે સિંગલ રેટ શક્ય નથી. તેમણે કહ્યું હતું કે, જીએસટીની વ્યવસ્થાને વધુને વધુ સરળ બનાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જીએસટી કાઉન્સિલની બેઠકમાં આજ કારણસર કરવામાં આવેલી માંગ મુજબ વારંવાર ફેરફાર કરવામાં આવી રહ્યા છે. નવી વ્યવસ્તા આવવાના કારણે ધીમે ધીમે સુધારા પણ થઈ રહ્યા છે. દેશના સૌથી મોટા ટેક્સ માળખાને અમલી બનાવી દેવામાં આવ્યા બાદથી જીએસટી કાઉન્સિલે અનેક વખત ધારાધોરણોને વધુ સરળ બનાવ્યા છે. સામાન્ય લોકો અને કારોબારીઓની ફરિયાદોને દૂર કરવા જીએસટી વ્યવસ્થાને વધુ લોકલક્ષી બનાવવામાં આવી રહી છે. જેટલીએ ઉમેર્યુ હતુ કે, બેંકિંગ ફ્રોડના સંદર્ભમાં દોષિતોને કોઈ કિંમતે છોડવામાં આવશે નહીં. પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સમાં થયેલા બેંકિંગ કૌભાંડના સંદર્ભમાં જેટલીએ પોતાના અભિપ્રાય આપ્યા હતા.

**દેશમાં મોટા કરવેરા માળખાને અમલી કરવામાં આવ્યા બાદ તમામ જટિલ વ્યવસ્થાને દૂર કરાઈ છે : નાણાપ્રધાન**


● અનુસંધાન પાન-૭ પર

## માલદીવના સમુદ્રમાં ચીન વેધશાળા બનાવશે

માલે,તા.૨૭

માલદીવના સમુદ્રમાં ચીન એક સંયુક્ત મહાસાગર વેધશાળા બનાવવાની તૈયારી કરી રહ્યું છે. જે ભારતની સુરક્ષા માટે વધુ એક ખતરો બની શકે છે. માલદીવના વિપક્ષના નેતાઓએ દાવો કર્યો છે કે, આ વેધશાળા સૈન્ય જરુરિયાતોને પણ પુરી કરશે અને વેધશાળામાં બહમરીન માટે એક બેઝ પણ તૈયાર કરવામાં આવશે.મળતી માહિતી મુજબ આ વેધશાળા માલદીવના મકુનુધૂમાં બનાવવામાં આવશે. જે માલદીવના ઉત્તરી ભાગમાં સ્થિત ટાપુ પર આવેલું છે. આ જગ્યા ભારતથી ઘણી નજીક આવેલી છે. જેના કારણે હિંદ મહાસાગરમાં ચીનને ભારત પર નજર રાખવા મહત્વની જગ્યા મળી રહેશે. જેના કારણે ભારત અને મલદીવના સંબંધોમાં વધુ એક નકારાત્મક પાસું જોડાઈ શકે છે.





સ્વ. ચંદનસિંહ એન. ચાવડા

(રીટાયર્ડ ડી.વાય.એસ.પી.)

સ્વ. તારીખ ૨૫/૨/૨૦૧૮

**ભાવભીની અંજલિ**

ચંદનની જેમ જીવનમાં આરંભથી અંત સુધી કાર્યરત રહી માનવતાની સુવાસ ફેલાવી સાથે કર્મયોગી જીવનનું દૃષ્ટાંત પુરું પાડ્યું... પ્રબળ પુરુષાર્થ સાથે વાત્સલ્યની ભાવના અમારા જીવનમાં પથદર્શક બને એ જ પ્રાર્થના....

ઈશ્વરસિંહ ચાવડા | પોપટલાલ વી. પટેલ
એસ. એ. વર્મા | સી. પી. સોની
બી. ડી. વાઘેલા | બી. ટી. વ્યાસ
ગીરીશ વસાવડા | સંજયભાઈ ઠક્કર
ડો. નિલમ બુટાની | હરેન્દ્રસિંહ જાદવ

